https://tv9gujarati.com/gujarat/ahmedabad/ahmedabad-edii-celebrated-international-msme-day-789590.html

# Ahmedabad : EDII એ આંતરરાષ્ટ્રીય MSME દિવસની કરી ઉજવણી

TV9 GUJARATI | Edited By: Sagar Solanki

Updated on: Jun 27, 2023 | 9:05 PM

EDII એ MSMEના વિકાસ અને ટકાઉપણા સંબંધિત મુદ્દાઓ અને તેના ઉકેલ માટે અમલમાં મૂકી શકાય તેવા સોલ્યુશન્સ પર ચર્ચા સાથે ઉજવણી કરાઇ હતી. આ ઊજવણીએ ભારતના આર્થિક વિકાસમાં MSMEના મહત્વને દર્શાવ્યું હતું.



**Ahmedabad**: આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (IDII)એ મંગળવારે તેના કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય MSME દિવસની ઊજવણી કરી હતી. આ ઊજવણીએ ભારતના આર્થિક વિકાસમાં MSMEના મહત્વને દર્શાવ્યું હતું. તેણે MSMEના વિકાસ અને ટકાઉપણા સંબંધિત મુદ્દાઓ અને તેના ઉકેલ માટે અમલમાં મૂકી શકાય તેવા સોલ્યુશન્સ પર ચર્ચા પણ કરાઇ હતી.
અધિક ઉદ્યોગ કમિશનર બી. એમ. પ્રજાપતિએ, જણાવ્યુ હતું કે “MSME ક્ષેત્રમાં હસ્તક્ષેપ માટે ઘણો અવકાશ છે, જે આપણા અર્થતંત્રની કરોડરજ્જુ છે. યુવાનોની બેરોજગારીની સમસ્યાના ઉકેલ માટે MSME સેક્ટરને મજબૂત કરવાની જરૂર છે. કોવિડ દરમિયાન MSMEને સૌથી વધુ નુકસાન થયું. તેથી સેક્ટરને મજબૂત કરવા અને MSMEની સંભવિતતામાં આપણા યુવાનોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે ઘણા ક્ષેત્રો પર કામ કરવાની જરૂર છે તેમ જણાવ્યુ હતું.

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે “સમગ્ર ઉદ્યોગસાહસિક ચળવળનું નેતૃત્વ MSME દ્વારા કરવામાં આવે છે. આ સેક્ટરનો

ફાળો ઘણો મોટો છે. MSME બેરોજગારી, ગરીબી અને વિવિધ અસમાનતાના મુદ્દાઓને સંબોધીને પ્રાદેશિક સંતુલન જાળવવામાં મદદ કરે છે. ઉદ્યોગો, નીતિ ઘડનારાઓ અને સંસ્થાઓએ MSME વૃદ્ધિ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરવા માટે હાથ મિલાવવો પડશે. EDII આ ક્ષેત્રના ઉત્થાન અને તેના વિકાસને વેગ આપવા રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહી છે તેવું પણ જણાવ્યુ હતું.



GCCIના ભૂતપૂર્વ પ્રમુખ અને નેક્સસ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર શૈલેષ પટવારીએ અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે "MSME સેકટરને મજબૂત કરવાની ખૂબ જરૂરિયાત છે અને ઘણી બધી હેન્ડહોલ્ડિંગની સુવિધા ઊભી કરવી જરૂરી છે. MSME માટે ઘડવામાં આવેલા લાભો સેકટર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે એક સિસ્ટમની સ્થાપના કરવી પડશે.

કેટલાક ક્ષેત્રોને પ્રોત્સાહન આપવાની જરૂર છે. દાખલા તરીકે, કાપડ ક્ષેત્ર ઘણી વસ્તુઓની આયાત પર મોટાભાગે નિર્ભર છે. તેથી આ ક્ષેત્ર વિશાળ સંભાવના ધરાવે છે અને તેને યોગ્ય રીતે પ્રોત્સાહન આપવું જોઈએ. આમ, બજાર સંશોધન પર ભાર મૂકવાની જરૂર છે, જેથી એમએસએમઈને એવા ક્ષેત્રોમાં પ્રમોટ કરવામાં આવે જ્યાં સંભાવનાઓ રહેલી છે.

સીડબીના ઈન્ચાર્જ ડેપ્યુટી જનરલ મેનેજર આકાશ પવારે, જણાવ્યું હતું કે, સીડબીની રચના એમએસએમઈ વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કરવામાં આવી હતી અને ઘણી સારી અર્થપૂર્ણ નીતિઓ સાથે અમે લોકોને, ખાસ કરીને યુવાનોને એમએસએમઈ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા માગીએ છીએ. સીડબી એ

‘પ્રમોશન’, ‘ફાઇનાન્સ’ અને MSMEના વિકાસના ઉદ્દેશ્યોને અનુસરીને તેની પહોંચ વધારવાનો માર્ગ અપનાવ્યો છે.

આ બાબતે આકાશ પવારે કહ્યું કે, હું આવનારા તમામ ઉધોગસાહસિકોને સીડબીની મહત્વાકાંક્ષી અને ઉધોગસાહસિકોને સાનુકૂળ યોજનાઓમાંથી લાભ મેળવવા વિનંતી કરું છું.

ડેપ્યુટી કમિશ્નર ઓફ ઈન્ડસ્ટ્રીઝ ડી.એમ.જાડેજા દ્વારા MSMEના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી રજૂઆત કરવામાં આવી હતી. જાડેજાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેક્નોલોજી જ્યારે વ્યાપકપણે વિકસી રહી છે ત્યારે વૃધ્ધિ અને બંધ થવાથી ડરવાને બદલે, MSME ટેક્નોલોજી લક્ષી અને ભવિષ્યને ધ્યાનમાં લઈને વિકાસલક્ષી બને તે સુનિશ્ચિત કરવામાં સરકારની ભૂમિકા વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે.